# ગુજરાત ઇકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન

# “ગીર” ફાઉન્ડેશન, ગાંધીનગર.

## જાહેરાત ક્રમાંક: ૦૨ અને ૩/૨૦૧૮-૧૯ અંગેની વિગતવાર સુચનાઓ

(વેબસાઇટ એડ્રેસ http://ojas.gujarat.gov.in )

---

ગુજરાત ઇકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન (ગીર ફાઉન્ડેશન) કચેરીની નીચે પત્રકમાં દર્શાવેલ જગ્યાઓ પર યોગ્ય ઉમેદવાર પસંદ કરવા માટે ઓનલાઇન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.gujarat.gov.in વેબસાઇટ પરથી તા.૧૭/૦૯/૨૦૧૮ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૨૭/૦૯/૨૦૧૮ (સમય રાત્રિના ૧૧:૫૯ કલાક સુધી) દરમિયાન અરજી કરવાની રહેશે. અરજી કરવા અંગેની વિગતવાર સુચનાઓ આગળ ફકરા નંબર ૧૨ માં દર્શાવેલ છે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | પગાર ધોરણ | માસિક ફીક્સ પગાર | જગ્યાની સંખ્યા | વય મર્યાદા | પસંદગીની પધ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨ | સીનીયર તથા જુનીયર વૈજ્ઞાનિક મદદનીશ | રૂ.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે રૂ. ૪૨૦૦ | રૂ.૩૧૩૪૦ | ૦૪ | ૩૮ વર્ષ | સ્પર્ધાત્મક પરીક્ષા |

કેટેગરી વાઇઝ જગ્યા

| બિન અનામત | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પછાત વર્ગ | મહિલા બિન અનામત | મહિલા અનુ. જાતિ | મહિલા અનુ. જન જાતિ | મહિલા સા. શૈ. પછાત વર્ગ | માજી સૈનિક અનામત | વિકલાંગ અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | પગાર ધોરણ | માસિક ફીક્સ પગાર | જગ્યાની સંખ્યા | વય મર્યાદા | પસંદગીની પધ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૩ | ટેકનીકલ આસી. | રૂ.૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે રૂ. ૧૮૦૦ | રૂ.૧૬૨૨૪ | ૦૫ | ૩૬ વર્ષ | સ્પર્ધાત્મક પરીક્ષા |

| કેટેગરી વાઇઝ જગ્યા | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બિન અનામત | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પછાત વર્ગ | મહિલા બિન અનામત | મહિલા અનુ. જાતિ | મહિલા અનુ. જન જાતિ | મહિલા સા. શૈ. પછાત વર્ગ | માજી સૈનિક અનામત | વિકલાંગ અનામત |
| ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

જે અનામત કેટેગરી માટે અનામત જગ્યા જાહેરાતમાં દર્શાવેલ નથી. તેવા અનામત કેટેગરીના ઉમેદવારો બિન-અનામત જગ્યા ઉપર ઉમેદવારી કરી શકે છે. આવા અનામત વર્ગના ઉમેદવારોને નિયત અરજી ફીમાં રાહત – છૂટછાટ મળવાપાત્ર થશે. પરંતુ અન્ય કોઇ છૂટછાટ મળવાપાત્ર થશે નહીં.

## ૩. શૈક્ષણિક લાયકાત તથા અનુભવ:-

| અ.નં. | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત તથા અનુભવ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૨ | સીનીયર તથા જુનીયર વૈજ્ઞાનિક મદદનીશ | **<u>શૈક્ષણિક લાયકાત:-</u>**<br>possess a post graduate degree in Environment Science or Chemistry or Bio-chemistry or Bio-technology or Micro-biology or Aquatic Biology or Marine Biology or Bio Science of any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956; |

| | | |
|---|---|---|
| | | **<u>અનુભવ:-</u>**<br>(i) have atleast one year experience on the post not below the rank of Technical Assistant in Gujarat Ecological Education and Research (GEER) Foundation, or<br>(ii) have atleast one year experience in different aspects of Laboratory Management including handling of advance instruments and work experience of analysis of waste water or molecular biology or Research and Development or Scientific Activities and Services or Science and Technology Programme and Planning Development in Government or Government undertaking Board or Corporation or Industrial or Academy or Science and Technology Organization on the post which can be considered equivalent to the post not below the rank of Technical Assistant, in Gujarat Ecological Education and Research (GEER) Foundation, after obtaining the educational qualification as prescribed above. |
| ૩ | ટેકનીકલ આસીસ્ટન્ટ | **<u>શૈક્ષણિક લાયકાત:-</u>**<br>possess a graduate degree in Environment Science or Chemistry or Bio-chemistry or Bio-technology or Micro-biology or Aquatic Biology or Marine Biology or Bio Science of any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956;<br>**<u>અનુભવ:-</u>**<br>have atleast one year experience in different aspects of Laboratory Management including handling of advance instruments and work experience of analysis of waste water or molecular biology or Research and Development or Scientific Activities and Services or Science and Technology Programme and Planning Development in Government or Government undertaking Board or Corporation or Industrial or Academy or Science and Technology Organization. |

## ૪. <u>કોમ્પ્યુટર જ્ઞાન અંગેની લાયકાત:-</u>

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના સરકારી ઠરાવ નંબર – સીઆરઆર/૧૦-

૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું પ્રાથમિક જ્ઞાન (બેઝિક નોલેજ) ધરાવતા હોવા અંગેનું કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઇશે અથવા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડીગ્રી અથવા ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષયક તરીકે હોય તેના પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦ અથવા ધોરણ ૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે, પરંતુ નિમણુંક મેળવતા પહેલા આવું પ્રમાણપત્ર અચુક રજુ કરવાનું રહેશે, અન્યથા નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે નહી.

૫. હિન્દી અને ગુજરાતી ભાષાનું પુરતું જ્ઞાન હોવું જોઇશે.

૬. રાષ્ટ્રીયતા – ઉમેદવાર

(ક) ભારતનો નાગરિક હોય, અથવા

(ખ) નેપાળનો પ્રજાજન હોય, અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન હોય, અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત હોય, જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી સન ૧૯૬૨ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખ પહેલાં ભારતમાં આવ્યો હોય, અથવા

(ચ) મુળ ભારતની વ્યક્તિ હોય, અને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, ટાન્ઝાનીયાનું સંયુક્ત પ્રજાસત્તાક (અગાઉના ટાન્ગાનિકા અને ઝાંઝીબાર), ઝામ્બીઆ, મલાવી, ઝૈર, ઇથિયોપિયા જેવા પૂર્વ આફ્રિકાના દેશો અને વિયેટનામમાંથી સ્થળાંતર કરીને આવી હોય:

પરંતુ (ખ), (ગ), (ઘ) અને (ચ) વર્ગ હેઠળ આવતા ઉમેદવાર, જેની તરફેણમાં રાજ્ય સરકારે લાયકાતનું પ્રમાણપત્ર આપ્યુ હોય તેવી વ્યકિત હોવી જોઇશે.

**૭. <u>વયમર્યાદા:-</u>**

- ઉમેદવારની વય ૧૮ વર્ષથી ઓછી હોવી જોઇશે નહી અને વધુમાં વધુ વય ઉપર પત્રકમાં દર્શાવેલ વિગતે જે તે જગ્યા માટે હોવી જોઇશે.
- તમામ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઇપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઇશે નહીં.
- તમામ જગ્યાના ઉમેદવારોને નીચેની વિગતે વય મર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે.

  સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો અને મહિલા ઉમેદવારો માટે ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

**૮. <u>વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ:-</u>** તમામ ઉમેદવારના કિસ્સામાં વયમર્યાદા માટે અરજી કરવાની અંતિમ તારીખને ધ્યાનમાં લેવામાં આવશે. તમામ બાબતો માટે તા. ૨૭/૦૯/૨૦૧૮ CUT OFF DATE ગણવાની રહેશે.

૯. પસંદગી પામેલ લાયક ઉમેદવારને પ્રથમ પાંચ વર્ષ માટે કરાર આધારે માસિક ફીક્સ પગારથી નિમણુંક આપવામાં આવશે. જે તે જગ્યાના માસિક ફીક્સ પગારની વિગતો ઉપર પત્રકમાં દર્શાવેલ છે. પાંચ વર્ષની સેવા સંતોષકારક રીતે પુર્ણ કરનાર ઉમેદવારને જે તે જગ્યા ઉપર નિયમિત નિમણુંક આપવા અંગે વિચારણા કરવામાં આવશે. જે તે જગ્યાના નિયમિત નિમણુંકના પગારધોરણની વિગતો ઉપરોક્ત પત્રકમાં દર્શાવેલ છે.

**૧૦. <u>પસંદગી પ્રક્રિયા:-</u>**

જાહેરાતની જગ્યાઓ ઉપર પસંદગી પામવાના હેતુસર ઉમેદવારે ઉપર પત્રકમાં દર્શાવેલ વિગતે સ્પર્ધાત્મક પરીક્ષાની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. પરંતુ ગીર ફાઉન્ડેશનને યોગ્ય અને જરૂરી લાગશે તો તેમાં જરૂરી ફેરફાર કરી શકશે. જે તે જગ્યા માટેનો સ્પર્ધાત્મક પરીક્ષા માટેનો અભ્યાસક્રમ આ સાથે સામેલ પત્રક ૨ અને ૩ મુજબનો રહેશે.

**(ક) લઘુત્તમ લાયકી ધોરણ:-**

સ્પર્ધાત્મક પરીક્ષા માટે ક્વોલીફાઇંગ સ્ટાન્ડર્ડ **(Qualifying Standard)** નીચે દર્શાવ્યા મુજબનું રહેશે. જે તે જગ્યા માટે પસંદગી યાદી તૈયાર કરવા માટે જાહેરાતમાં દર્શાવેલ જગ્યાની સંખ્યાને લક્ષમાં લઇ પસંદગી માટેનું લાયકી ધોરણ ગીર ફાઉન્ડેશન નક્કી કરશે.

| ક્રમ | વર્ગ (Category) | સામાન્ય જગ્યા | મહિલા |
|---|---|---|---|
| ૧ | બિન અનામત | ૫૦% | ૪૫% |
| ૨ | સા.શૈ.પ.વર્ગ | ૩૫% | --- |

(ખ) જે તે જગ્યા માટેની પસંદગી યાદી (મેરીટ લીસ્ટ) સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.

(ગ) નિયામકશ્રી, ગીર ફાઉન્ડેશન દ્વારા કેટલી સંખ્યાની પ્રતિક્ષાયાદી બનાવવી તે અંગેનો નિર્ણય કરવામાં આવશે. પરંતુ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ જેટલા ઉમેદવારોની લાયકાતના ક્રમમાં લાયક ઉમેદવારોના નામ દર્શાવતી પ્રતિક્ષાયાદી પણ તૈયાર કરવામાં આવશે. પ્રતિક્ષાયાદી એ પસંદગી યાદી નથી. જે બાબત ઉમેદવારોએ લક્ષમાં લેવાની રહેશે.

**૧૧. <u>પરીક્ષા ફી:-</u>**

- ફોર્મ ભરતી વખતે કેટેગરી સિલેક્ટ કરી ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.

- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ, એક્ષ સર્વિસમેન, શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોએ પરીક્ષા ફી ૫૦% ભરવાની રહેશે.
- પરીક્ષા ફી પેટે સામાન્ય ક્ક્ષાના ઉમેદવારોએ રૂા. ૪૦૦/- (અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ, એક્ષ સર્વિસમેન, શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો માટે રૂા. ૨૦૦/-) ભરી દેવાના રહેશે.
- પરીક્ષાની અરજી ફી ઓનલાઇન જમા કરાવવા માટે **“Print Challan”** ઉપર કલીક કરવું અને વિગતો ભરવી અને ત્યાં **“Online Payment of Fee”** ઉપર કલીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં **“Net Banking of fee”** અથવા **“Other Payment Mode”** ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું સ્ક્રીન પર લખાયેલું આવશે અને **e-receipt** મળશે જેની **Print** કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો સ્ક્રીન (Screen) પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે સંલગ્ન બેંક ચાર્જિસ ઉમેદવારે ભરવાના રહેશે. જો કોઇ ઉમેદવાર એક કરતાં વધુ અરજી કરશે તો કરેલ અરજી માટે ભરેલ ફી પરત કરવામાં આવશે નહીં.

  આ ચલણ / **e-receipt** તથા **Confirm** થયેલ અરજી પત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને “ગીર” ફાઉન્ડેશન દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજી પત્રક બિડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા “ગીર” ફાઉન્ડેશનની કચેરીમાં રૂબરૂ આપી જવાના રહેશે.

- અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.

- ફી ભરપાઇ કર્યા બાદ, કોઇપણ સંજોગોમાં ફી પરત મળવાપાત્ર થશે નહીં અથવા બીજી પરીક્ષા માટે આવી ફીને ધ્યાને લઇ શકાશે નહી.
- એક વખત અરજી કર્યા પછી અરજી પરત ખેંચવાની કે રદ કરવાની વિનંતી કોઇપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.

**૧૨. અરજી કરવાની રીત:-**

આ જાહેરાતના સંદર્ભમાં માત્ર ઓન લાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તા. ૧૭/૦૯/૨૦૧૮ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૨૭/૦૯/૨૦૧૮ (સમય રાત્રિના ૧૧:૫૯ કલાક સુધી) દરમિયાન http://ojas.gujrat.gov.in પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે (૧) સૌ પ્રથમ http://ojas.gujarat.gov.in પર જવું. હવે (૨) **"Apply Online" Click** કરવું. (૩) પસંદગીની જગ્યા પર **Click** કરવાથી જગ્યાની વિગતો મળશે. (૪) તેની નીચે **"Apply Now"** પર **Click** કરવાથી **Application Format** ખુલશે જેમાં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી. અહી લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે. (૫) **"Personal Details"** ભરાયા બાદ **"Educational Details"** ભરવા માટે **"Educational Qualifications"** પર **Click** કરવું. (૬) તેની નીચે **"Self-Declaration"** પર **Click** કરવું. ત્યાર બાદ (૭) ઉપરની શરતો સ્વીકારવા માટે **"Yes"** પર **Click** કરવું. હવે અરજી પુર્ણ રીતે ભરાઇ ગયેલ છે. (૮) હવે **"Save"** પર **Click** કરવાથી તમારી અરજી ઓનલાઇન સ્વીકાર થશે. (૯) અરજી કર્યા બાદ ઉમેદવારનો **"Application Number" Generate** થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે. (૧૦) હવે **"Upload Photograph"** પર **Click** કરો. અહીં તમારો **"Application Number"** ટાઇપ કરો અને તમારી **Birth date type** કરો, ત્યાર બાદ **OK** પર **Click** કરવું. અહી **Photo** અને **Signature Upload** કરવાના છે. **(Photo** નું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને **Signature** નું માપ ૨.૫ સે.મી. લંબાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી) **(Photo** અને **Signature Upload**

કરવા સૌ પ્રથમ તમારો **Photo** અને **Signature jpg format**માં (૧૫ કે.બી.) સાઇઝથી વધારે નહી તે રીતે સ્કેન કરી કોમ્પ્યુટરમાં સેવ કરેલા હોવા જોઇએ.) **"Browse" Button** ની બાજુમાં **"Upload" Button** પર **Click** કરો. હવે **Choose file** ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં **.jpg format** માં તમારો **Photo store** થયેલ છે, તે ફાઇલને **select** કરો અને **"Open Button"** ને **Click** કરો. હવે **"Browse" Button** ની બાજુમાં **"Upload" Button** પર **click** કરો. હવે તમારો **Photo** દેખાશે. હવે આજ રીતે **Signature** પણ **upload** કરવાની રહેશે. (૧૧) હવે પેજના ઉપરના ભાગમાં **"Confirm Application"** તથા **Birthdate type** કર્યાબાદ **OK** પર **click** કરવાથી ૩ બટન (૧) **OK** (૨) **Show Application Preview** અને (૩) **Confirm Application** દેખાશે. ઉમેદવારે **Show Application preview** પર **Click** કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો **edit** કરી લેવું. તે કન્ફર્મ કર્યા પછી કોઇપણ પ્રકારનો સુધારો શક્ય બનશે નહીં. સંપુર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ **Confirm Application** પર **Click** કરવું. તેથી ઉમેદવારની અરજીનો ઓનલાઇન સ્વીકાર થઇ જશે. અહી **Confirm number generate** થશે. જે હવે પછીને બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ, ઉમેદવારે સાચવવાનો રહેશે. (૧૨) હવે **Print Application** પર **Click** કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી. (૧૩) અરજી કન્ફર્મ થઇ ગયા બાદ આગળના ફકરા ૧૧ માં આપેલ સુચનાઓ અનુસાર ફી ઓનલાઇન જમા કરાવવી. ચલણ/**e-receipt** પણ **OJAS** વેબસાઇટ ઉપરથી જ ડાઉનલોડ કરવાનું રહેશે. અરજી કન્ફર્મ કર્યાબાદ ફી ન ભરનાર ઉમેદવારની ઉમેદવારી રદ ગણાશે.

**૧૩. <u>સામાન્ય શરતો:-</u>**

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગ પૈકી એક અથવા એકથી વધારે સંવર્ગ માટે અરજી કરી શકશે અને તેઓએ એક સંવર્ગ માટે એક જ વખત અરજી કરવાની રહેશે. દરેક સંવર્ગ માટે અલગ અલગ અરજી કરવાની રહેશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ અને તેની સંખ્યામાં વધ – ઘટ થવાની શક્યતા છે.

(૩) કોઇ પણ ઉમેદવાર જો એક જ સંવર્ગ માટે એક થી વધુ અરજી કરશે તો તેમની અરજી રદ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા ગીર ફાઉન્ડેશનની રહેશે.

(૪) જાહેરાતમાં દર્શાવેલ અનામત વર્ગોના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં સરકારશ્રીના નિયમોનુસાર છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

(૫) વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પુર્ણભાગીદારી) ધારો, ૧૯૯૫ હેઠળ અનામતનો લાભ / છુટછાટ મેળવવા વિકલાંગતાની ઓછામાં ઓછી માત્રા ૪૦% નક્કી કરવામાં આવી છે. આથી ૪૦% કે તેથી વધુ માત્રામાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિને અનામતનો લાભ કે છુટછાટ મળવાપાત્ર થશે.

શારીરિક ક્ષતિને નીચે મુજબની કેટેગરીમાં વહેંચવામાં આવે છે.

(ક) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ (Blindness or Low Vision)

(ખ) શ્રવણની ખામી (Hearing Impairment)

(ગ) હલનચલન વિકલાંગતા અથવા મગજનો લકવા (Locomotor Disability or Cerebral Palsy)

(૬) સા. અને શૈ. પ. વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત નમુનામાં તા.૩૧/૦૩/૨૦૧૮ ના રોજ પુરા થયેલ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટેનું અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. જો આવું પ્રમાણપત્ર ત્રણ વર્ષ માટેનું મેળવેલ હોય તો તેમાં નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮નો સમાવેશ થતો હોવો જોઇશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું

પ્રમાણપત્ર રજુ ન કરી શકતા ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતાં નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

(૭) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવાર આવું નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર તેમના પિતાની આવકના સંદર્ભમાં ધરાવતાં હોવા જોઇએ. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો ધ્યાને લેવામાં આવશે નહીં.

(૮) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ(૨) માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫% ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ ભરતી તથા નિમણૂંક સમયે પુન: લગ્ન કરેલ ન હોવા જોઇએ. ઉપરાંત, “ગીર” ફાઉન્ડેશન માંગે ત્યારે તેના તમામ પુરાવા “ગીર” ફાઉન્ડેશનમાં અસલમાં રજુ કરવાના રહેશે.

(૯) એથેલેટીક (ટ્રેક અને ફીલ્ડ રમતો સહીત) બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વીમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઇટલીફટીંગ, રેસલિંગ, બોક્સિંગ, સાઇકલીંગ, જીમ્નેસ્ટીક, જુડો, રાઇફલશુટીંગ, કબડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડ બોલની રમતો-ખેલકુદમાં રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સીટી અથવા અખિલ ભારતશાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધામાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગર તથા તા.૦૧/૦૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગર માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમુનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર ગીર ફાઉન્ડેશન માંગે

ત્યારે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હક્કદાર થશે.

(૧૦) સ્પર્ધાત્મક પરીક્ષાના સ્થળે ઉમેદવારે પોતાના ખર્ચે હાજર થવાનું રહેશે.

(૧૧) સ્પર્ધાત્મક પરીક્ષા માટેનું સ્થળ, સમય અને તારીખ નિયામક, ગીર ફાઉન્ડેશન દ્વારા નિયત કરવામાં આવશે.

(૧૨) અરજદારે ઓન લાઇન અરજી કરવાની રહેશે. ઓન લાઇન અરજી સાથે કોઇ પ્રમાણપત્રો કે દસ્તાવેજ સામેલ કરવાના રહેશે નહીં.

(૧૩) પસંદગી યાદીમાં સમાવિષ્ટ અને નિમણુંકને પાત્ર હોય તેવા ઉમેદવારો નિયામક, "ગીર" ફાઉન્ડેશન દ્વારા ઠરાવવામાં આવે તેવી શારીરિક યોગ્યતાની તબીબી તપાસ પસાર કરવાની રહેશે. આવી શારીરિક યોગ્યતાની તબીબી તપાસ પસાર ન કરનાર ઉમેદવાર નિમણુંકને પાત્ર બની શકશે નહીં. આવા ઉમેદવારનું નામ પસંદગી યાદીમાંથી રદ કરવામાં આવશે.

(૧૪) પસંદગી યાદીમાં સમાવિષ્ટ અને નિમણુંકને પાત્ર હોય તેવા ઉમેદવારે નિયામક, "ગીર" ફાઉન્ડેશન ઠરાવે તેવા નમુનામાં અને તેમની સૂચના મુજબ સારા ચારિત્ર અંગેના પુરાવા રજુ કરવાના રહેશે. આવા પુરાવા રજુ ન કરનાર ઉમેદવાર નિમણુંકને પાત્ર બનશે નહીં અને આવા ઉમેદવારનું નામ પસંદગી યાદીમાંથી રદ કરવામાં આવશે.

(૧૫) નિયામક, "ગીર" ફાઉન્ડેશનને સંતોષ થાય કે સંબંધિત ઉમેદવાર ફી સહિતની તમામ આવશ્યક જરૂરીયાત સંતોષે છે. તો જ તેવા ઉમેદવારને સ્પર્ધાત્મક પરીક્ષા મા પ્રવેશ આપવામાં આવશે.

**૧૪. <u>સામાન્ય સૂચનાઓ:-</u>**

(૧) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને આ વિગતોના આધારે સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. અરજીમાં દર્શાવેલ વિગતોના

પુરાવાઓ “ગીર” ફાઉન્ડેશન માંગે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબક્કે “રદ” ગણવામાં આવશે.

(૨) અરજદારે અરજી પત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળ થી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૩) ઉમેદવાર અરજી પત્રકમાં જે ફોટો UPLOAD કરે છે. તેની પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતા વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવાના રહેશે. તેમજ “ગીર” ફાઉન્ડેશન માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે.

(૪) ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઇલ પર SMS થી મોકલવામાં આવશે. તેથી દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહીં.

(૫) લાયક ઉમેદવારને પ્રથમ પાંચ વર્ષ માટે કરાર આધારીત ફીક્સ પગાર નિમણુંક આપવામા આવશે. જે તે જગાના ફીક્સ પગારની વિગતો ઉપર પત્રકમાં દર્શાવેલ છે. પાંચ વર્ષના કરારીય સમય ગાળા દરમ્યાન સંબંધિત ઉમેદવારે જે તે જગ્યાના ભરતી નિયમો, મુજબ ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો ૨૦૦૬ અથવા “ગીર” ફાઉન્ડેશન ઠરાવે તેવી કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા તથા પુર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષાના નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પરીક્ષાઓ પાસ કરવાની રહેશે.

(૬) આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે.

(૭) ઉમેદવાર પોતે કોઇપણ સંવર્ગની આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં. નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે “ગીર” ફાઉન્ડેશનની સેવા સારૂ તે રૂલ્સ ઓફ ધ ગુજરાત

ઇકોલોજીકલ એન્ડ રીસર્ચ (ગીર) ફાઉન્ડેશન / ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણુંક ‘રદ’ કરીને પડતો મુકી શકાશે. નિમણુંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૮) આ ભરતી પ્રક્રિયા સંપુર્ણપણે જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધીન રહેશે.

(૯) આ જાહેરાત કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો “ગીર” ફાઉન્ડેશન ને સંપુર્ણ હક્ક / અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહીં.

(૧૦) વેબસાઇટ નિયમિતપણે જોતા રહેવા ઉમેદવારોને ખાસ ભલામણ છે.

(૧૧) આ જાહેરાત અન્વયે સંભવત: નવેમ્બર ૨૦૧૮ થી જાન્યુઆરી ૨૦૧૯ માં પરીક્ષાનું આયોજન કરવામાં આવશે, તે ધ્યાને લઇ ઉમેદવારોએ પરીક્ષાલક્ષી તૈયારી કરવી.

(૧૨) “ગીર” ફાઉન્ડેશન જે કોઇ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે અધ્યક્ષ, સભ્ય, પદાધિકારી અથવા કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે, (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરવા માટે, (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે, (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમિયાન ગેરવ્યાજબી સાધનોનો

ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારોની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે, (૮) લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બિભત્સ બાબત સહીતની અપ્રસ્તુત બાબત લખવા માટે, (૯) પરીક્ષા ખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણુંક કરવા માટે, (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે "ગીર" ફાઉન્ડેશનએ રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે, (૧૧) પુર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ઠ કરેલા તમામ અથવા કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી અથવા (૧૨) પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશ પત્રોમાં આપવામાં આવેલી કોઇપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત (ક) "ગીર" ફાઉન્ડેશન તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તો તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે અથવા (ખ) (૧) "ગીર" ફાઉન્ડેશન સીધી પસંદગી માટે લેવાની કોઇપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઇપણ રૂબરૂ મુલાકાત થી અથવા (૨) રાજ્ય સરકાર પોતાના હેઠળની કોઇપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ઠ મુદ્દત માટે ગેરલાયક / બાકાત કરી શકશે.

**તારીખ:-** **નિયામક,**

**સ્થળ:- ગાંધીનગર.** **"ગીર" ફાઉન્ડેશન**

**ગાંધીનગર.**

## પત્રક – ૨

# Syllabus for the post of Senior and Junior Scientific Assistant

## Syllabus for written test

**Duration 90 Minutes** **150 Marks**

**(A) General Knowledge (50 Marks)**

| અનુ. નં | અભ્યાસક્રમની વિગત |
|---|---|
| ૧ | ભારતની ભૂગોળ – ભૌગોલિક, આર્થિક, સામાજીક, કુદરતી સંશાધન અને વસ્તી અંગેની બાબતો – ગુજરાતના ખાસ સંદર્ભ સહિત. |
| ૨ | ભારતનો સાંસ્કૃતિક વારસો – સાહિત્ય, કલા અને સ્થાપત્યો – ગુજરાતના ખાસ સંદર્ભ સહિત. |
| ૩ | ભારતનો ઇતિહાસ- ગુજરાતના ખાસ સંદર્ભસહિત. |
| ૪ | ભારતની અર્થવ્યવસ્થા |
| ૫ | ભારતીય નાગરિક શાસ્ત્ર<br>(ક) ભારતનું બંધારણ<br>(૧) આમુખ<br>(૨) મૂળભૂત અધિકારો અને ફરજો<br>(૩) માર્ગદર્શક સિધ્ધાંતો<br>(૪) સંસદ, વિધાનસભા,<br>(૫) ઉચ્ચ બંધારણીય પદાધિકારીઓ – કેન્દ્ર અને રાજ્યના<br>(૬) ન્યાયતંત્ર<br>(૭) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સમાજના પછાત વર્ગો માટેની જોગવાઇઓ<br>(૮) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ<br>(૯) નાણા પંચ<br>(૧૦) એટર્ની જનરલ |
| | (ખ) બંધારણીય તથા વૈધાનિક સંસ્થાઓ – ભારતનું ચૂંટણી પંચ, સંઘ, લોક સેવા આયોગ, રાજ્ય લોક સેવા આયોગ, કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ, કેન્દ્રીય સતર્કતા આયોગ, લોકપાલ તથા લોકાયુક્ત, કેન્દ્રીય માહિતી આયોગ અને રાજ્ય માહિતી આયોગ. |
| ૬ | સામાન્ય બૌધ્ધિક ક્ષમતા કસોટી (General Mental Ability Test) |

| | |
|---|---|
| ૭ | સામાન્ય વિજ્ઞાન, પર્યાવરણ, ઇન્ફર્મેશન એન્ડ કોમ્પ્યુનિકેશન ટેકનોલોજી |
| ૮ | રોજ બરોજના પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્વના બનાવો, ખેલ જગત સહિત. |

**(B) Science (100 Marks)**

| Sr. No. | Details of Syllabus |
|---|---|
| 1 | Environmental Chemistry |
| 2 | Environmental Ecology |
| 3 | Environmental Microbiology and Environmental Biotechnology |
| 4 | Biochemistry |
| 5 | Aquatic and Marine Ecology |
| 6 | Environment Management System |
| 7 | Analytical Laboratory Techniques and Instrumentation |

**For,**

(A) The Standard and the course content of the syllabus shall be of a 12$^{th}$ standard level. Medium is Gujarati.

(B) The standard and the course content of the syllabus shall be of a Graduate degree level. Medium is English.

**Note:**

**1)** The objective type written test shall consist of Multiple Choice Question (MCQ) and O.M.R. (Optical Mark Reader) system.

**2)** Every question shall be of one mark.

**3)** The candidate shall have to attempt all questions.

**4)** Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.

**5)** In every question there shall be one option as “Not attempted”. If the candidate does not intend to answer the question, he/she may select this option. If the candidate selects this option, the negative marks shall not be given.

**6)** If the candidate has not selected any of the option given in the question, then it shall carry a negative mark of 0.25.

# પત્રક – ૩

## Syllabus for the post of Technical Assistant

### Syllabus for written test

**Duration 90 Minutes** **150 Marks**

**(A) General Knowledge (50 Marks)**

| અનુ. નં | અભ્યાસક્રમની વિગત |
|---|---|
| ૧ | ભારતની ભૂગોળ – ભૌગોલિક, આર્થિક, સામાજીક, કુદરતી સંશાધન અને વસ્તી અંગેની બાબતો – ગુજરાતના ખાસ સંદર્ભ સહિત. |
| ૨ | ભારતનો સાંસ્કૃતિક વારસો – સાહિત્ય, કલા અને સ્થાપત્યો – ગુજરાતના ખાસ સંદર્ભ સહિત. |
| ૩ | ભારતનો ઇતિહાસ- ગુજરાતના ખાસ સંદર્ભસહિત. |
| ૪ | ભારતની અર્થવ્યવસ્થા |
| ૫ | ભારતીય નાગરિક શાસ્ત્ર<br>(ક) ભારતનું બંધારણ<br>(૧) આમુખ<br>(૨) મૂળભૂત અધિકારો અને ફરજો<br>(૩) માર્ગદર્શક સિધ્ધાંતો<br>(૪) સંસદ, વિધાનસભા,<br>(૫) ઉચ્ચ બંધારણીય પદાધિકારીઓ – કેન્દ્ર અને રાજ્યના<br>(૬) ન્યાયતંત્ર<br>(૭) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સમાજના પછાત વર્ગો માટેની જોગવાઇઓ<br>(૮) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ<br>(૯) નાણા પંચ<br>(૧૦) એટર્ની જનરલ |
| | (ખ) બંધારણીય તથા વૈધાનિક સંસ્થાઓ – ભારતનું ચૂંટણી પંચ, સંઘ, લોક સેવા આયોગ, રાજ્ય લોક સેવા આયોગ, કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ, કેન્દ્રીય સતર્કતા આયોગ, લોકપાલ તથા લોકાયુક્ત, કેન્દ્રીય માહિતી આયોગ અને રાજ્ય માહિતી આયોગ. |
| ૬ | સામાન્ય બૌધ્ધિક ક્ષમતા કસોટી (General Mental Ability Test) |

| | |
|---|---|
| ૭ | સામાન્ય વિજ્ઞાન, પર્યાવરણ, ઇન્ફર્મેશન એન્ડ કોમ્પ્યુનિકેશન ટેકનોલોજી |
| ૮ | રોજ બરોજના પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્વના બનાવો, ખેલ જગત સહિત. |

**(B) Science (100 Marks)**

| Sr. No. | Details of Syllabus |
|---|---|
| 1 | Environmental Chemistry |
| 2 | Environmental Ecology |
| 3 | Environmental Microbiology and Environmental Biotechnology |
| 4 | Biochemistry |
| 5 | Aquatic and Marine Ecology |
| 6 | Environment Management System |
| 7 | Analytical Laboratory Techniques and Instrumentation |

**For,**

(C) The Standard and the course content of the syllabus shall be of a 12th standard level. Medium is Gujarati.

(D) The standard and the course content of the syllabus shall be of a Graduate degree level. Medium is English.

**Note:**

**1)** The objective type written test shall consist of Multiple Choice Question (MCQ) and O.M.R. (Optical Mark Reader) system.

**2)** Every question shall be of one mark.

**3)** The candidate shall have to attempt all questions.

**4)** Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.

**5)** In every question there shall be one option as “Not attempted”. If the candidate does not intend to answer the question, he/she may select this option. If the candidate selects this option, the negative marks shall not be given.

**6)** If the candidate has not selected any of the option given in the question, then it shall carry a negative mark of 0.25.